# દાંતીવાડા પોલીસને બુટલેગરો કરાવે છે લીલાલહેર

દાંતીવાડા, તા. ૧૨

દાંતીવાડામાં પોલીસ સ્ટેશન આવતા ગુનાહિત-વુતિઓએ માથું ઉચક્યું હોય તેવા દર બે-ત્રણ દિવસે દ્રશ્યો સર્જવા પામી રહ્યાછે. જેના લીધે આમ જનતા અને વેપારીઓએ હાલાકી વેઠી ભોગ બનવું પડે છે.જેમાં દાંતીવાડા કોલોનીમાં આવનારા વેપારીઓં કે જે પોતાના વાહનોમાંઅવર-જવર કરે છે તે પોલીસના ટ્રાફિક નિયમોમાં વાલા-દવલા નિયમોથી થયાછે ત્રસ્ત !

મળતી માહિતી મુજબદાંતીવાડા-કોલોની એ દારૂના વેચાણ બાબતે મશુર છે, જે વાતથી જીલ્લા પોલીસ વડા પણ વાકેફ હશે એવું માની શકાય, આ બધી વાતોથી સ્થિત જનતાઅને વેપારીઓ વાકેફ બી છે ને ભોગ પણ બની ચુક્યા છે, માટે આવા બધાકારણોને લઈ આમ જનતાની સલામતી જળવાય અને અસામાજિક તત્વોનાકારનામાંઓ પર અંકુશ લાદી શકાય, તે માટે સરકારે દાંતીવાડા સ્થિતઆજુબાજુના ગામડાઓને આવરી લઈ પોલીસ સ્ટેસનનું નિર્માણ કર્યુ છે, પરંતુપોલીસ સ્ટેશન આવતા સ્ટાફના અમુક પોલીસ કર્મીઓ તો જાણે દારૂનાવેચાણકારોનું મોનેટ્રીંગ કરી રહ્યા હોય તેવી હલાતોમાં કેમેરે કેદ થયા છે,કહેવામાં આવ્યું છે કે તસ્વીરે કભી જુઠ નહિ બોલતી સાથે કોલોનીમાંઆજુબાજુના ગામોમાંથી આવતા વેપારીઓ તેમજ અન્ય લોકો જયારે પોતાનાવાહનો લઈ આવતા જતા હોય છે ત્યારે સ્ટેશનના ટ્રાફિક પોઈન્ટ ના જવાબદારપોલીસ કર્મીઓ દ્વારા ગરીબી અમીરી ના નિયમ માં તેમની પજવણી કરવામાંઆવે છે જેમકે કોઈ નિયમનું ઉલંઘન કરે અને તે ભલામણ કરે તો છોડી દેવામાંઆવે છે, અને ગરીબ વાહન ચાલકની સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવે છેજે બાબતે પણ કેમેરા કેદ દ્રશ્યો અને લોકોની રજુઆતો ઉઠવા પામી છે, અનેઆમ આ બધા દ્રશ્યો જોઈ જીલ્લા પોલીસ-વડા દાંતીવાડા પોલીસની -શંસા કરેછે કે પછી લાલ આખે પોતાની ફરજોનું ભાન કરાવે છે એ હવે જોવું રહ્યું !


(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

# અરવલ્લી જિલ્લા પંચાયતનું વિભાજન થતા પ્રમુખની દોડ માટે રેસ શરૂ

## પ્રથમ પ્રમુખ મહિલા હોવાની અટકળો તેજ

મોડાસા, તા.૧૨

સાબરકાંઠા જિલ્લામાંથી નવરચિત અરવલ્લી જિલ્લાની રચના થયા બાદ સવા વર્ષ જેટલો સમય વિત્યા પછી શિયાળાની કડકડતી ઠંડીમાં અરવલ્લી જિલ્લા પંચાયતનુ વિભાજન થતા રાજકીય ગરમાવો પ્રસરી ગયો છે..

વિભાજનના જાહેરનામાની તારીખથી ૨૯ દિવસમાં જ અરવલ્લી જિલ્લા પંચાયતના પ્રમુખની વરણી માટેની પ્રકીયા હાથ ધરવામાં આવશે ત્યારે અરવલ્લી જિલ્લા પંચાયતના પ્રમુખ માટે અત્યારથી જ પોતપોતાની દાવેદારી માટે ઉમેદવારેએ ગાંધીનગર ખાતે પોતાની લોબીગ શરૂ કરી દીધી છે.

જયારે અરવલ્લી જિલલા પંચાયતના વિભાજન બાદ પ્રજાને આ વિભાજનથી કેટલો ફાયદો થશે તેવી ગણતરીને બદલે રાજકીય પક્ષોએ પ્રમુખની બેઠક કોને ફાળે જશે તેની અટકળો લગાવાની શરૂ કરી દીધી છે અને ગાંધીનગરમાં પડાવ નાખી દિધો છે. ત્યારે વહેતી અટકળો મુજબ અરવલ્લી જિલ્લાના પ્રથમ પ્રમુખનો તાજ મહિલા પ્રમુખને શીરે જશે તેવી અટકળોએ બજારમાં જોર પકડયુ છે અને જો આ અટકળો સાચી હોય તો મહિલા પ્રમુખનિ હરીફાઈમાં ચોઈલા પંચાયત સીટના નેહાબેન પટેલ અને ભીખીબેન આ હરિફાઈમાં મોખરે છે. જયારે હાલ જિલ્લાના વડા મથક મોડાસા ખાતે નવુ જિલલા પંચાયત ભવન સાકાર ન થાય ત્યાં સુધી મેઘરજ રોડ ઉપર આવેલ પાવન સીટીના સુવીધાથી સજજ કોમ્પલેક્ષમાં હંગામી ધોરણે જિલ્લા પંચાયત શરૂ કરવા માટે તંત્ર ધ્વારા તજવીજ હાથ ધરાઈ છે.

આગામી વર્ષ ૨૦૧૫ના ઓકટોબર માસમાં સાબરકાંઠા જિલ્લા પંચાયતની ચુટણીઓ યોજાનાર છે. ત્યારે રાજય સરકાર ધ્વારા અણધારી રીતે જીલ્લા પંચાયતના વિભાજનનો નિર્ણય લેવાતા પ્રમુખ કોણ બનશે તે માટે ચર્ચા એ અત્યારે તો રાજકીય માહોલ માં કડકડતી ઠંડીમાં ગરમીની મોસમ લાવી દીધી છે. શું પ્રથમ પ્રમુખ મહિલા હશે ? કે પછી બક્ષી કેટેગરી ના ? તે તો આવનાર સમય જ બતાવશે. અરવલ્લી જિલ્લા પંચાયતના કુલ ૨૨ સદસ્યોમાંથી ભાજપાના ૧૨ સભ્યો છે જયારે કોગ્રેસના ૧૨ સભ્યો છે.


(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

## રાજયવ્યાપી શ્રમિક કલ્યાણ મેળા અભિયાનનો ૨૫મી ડિસેમ્બરે મુખ્યમંત્રી શુભારંભ કરાવશે

રાજયના શ્રમયોગીઓને રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ એક જ સ્થળેથી -પ્ત કરવાના આશયથી રાજયમાં યોજાનાર શ્રમિક કલ્યાણ મેળા અભિયાનનો શુભારંભ ૨૫ ડિસેમ્બર-૨૦૧૪ રોજ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના હસ્તે કરાશે.

ભારતના પૂર્વ વડા-ધાન શ્રી અટલ બિહારી વાજપાઈના જન્મદિને સમગ્ર રાજયમાં યોજાનાર શ્રમિક કલ્યાણ મેળામાં શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ વીડિયો કોન્ફરન્સીગ દ્વારા -રક માર્ગદર્શન આપશે. મુખ્યમંત્રીશ્રીના હસ્તે શ્રમિકો માટે વેબ પોર્ટલ અને શ્રમ હેલ્પ લાઈનનો પણ શુભારંભ કરાશે. ગરીબ કલ્યાણ મેળા, મહિલા સંમેલનો અને કૃષિ મહોત્સવની મળેલી અ-તિમ સફળતાઓને પગલે આ અભિયાન હાથ ધરવામાં આવશે.

# દાંતાના પાણુંદરાની મહિલાએ જનનાંગ વિનાના બાળકને આપ્યો જન્મ : તબીબી જગતમાં આશ્ચર્ય

ડીસા, તા. ૧૨

યાત્રાધામ અંબાજી નજીક દાંતાના પાણુંદરા ગામની એક -સુતા મહિલાએ દાંતા રેફરલ હોસ્પિટલમાં જનાનાંગ વિનાના બાળકને જન્મ આપ્યો હતો. જેના કમરથી નીચે બે પગ પણ નથી. તબીબી જગત માં જવલ્લેજ જોવા મળતી આ ઘટના માં આ જન્મેલા બાળક ને કમરના નીચેના ભાગે જનાનાંગ- પગ નથી, છતાં આ બાળ જીવીત છે જેથી નવજાત શિશુની જાતિ નક્કી કરવી તબીબો માટે મુશ્કેલ બની છે. આ વિચિત્ર બાળકને નિહાળી દાંતા હોસ્પિટલનો સ્ટાફ પણ આશ્ચર્યમાં મુકાયો હતો.

માતા ની કોખ માં રંગસૂત્રો ની ખામી અને દવાની આડ અસર ગર્ભસ્થ શિશુ થતા તેની આડ અસર થી અર્ધ વિકસિત બાળક જન્મે છે , તબીબી જગતમાં જવલ્લે જોવા મળતી ઘટનાની વિગતો એવી છે કે, દાંતા તાલુકાના પાણુંદરા ગામની -સુતા ટીનાબેન રજુજી ઠાકોર(ઉ.વ. ૩૫) ને ગુરુવારે વહેલી સવારદાંતાની રેફરલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જયાં ફરજ પરના તબીબ અને નર્સ દ્વારા નોર્મલ -સુતિ થઈ હતી.

જોકે, જન્મ આપેલ નવજાત શિશુના કમરના નીચેના ભાગે બે પગની જગ્યાએ સીધો આકાર હતો સ્ટાફ આશ્ચર્યમાં મુકાઈ ગયો હતો. આ નવજાત શિશુની જાતિ નક્કી કરવી પણ મુશ્કેલી બની હતી. જોકે, પરિવારજનોના કહેવાથી જીવીત બાળક સાથે -સુતાને હોસ્પિટલમાંથી રજા આપી દેવાઈ હતી. આ અંગે પરિવારજનો જણાવ્યુ હતું કે, ટીનાબેનને અગાઉ જન્મેલા ત્રણ બાળકો તંદુરસ્ત હતા.જેમાં ત્રીજા બાળકનં મૃત્યુ થયું હતું. જયારે આ ચોથી -સૃતિ હતી.જોકે આંતરીયાળ અને આદિવાસી વિસ્તાર એવા દાંતા નજીકના નાનકડા પાણુંદરા ગામની આ ધટના સમગ્ર પંથક માં ચકચારી બનેલ છે

સંદર્ભે ડીસા ના જાણીતા બાળરોગ નિષ્ણાત ડો, હિરેન પટેલે જનાવેલકે અમારા તબીબી વિજ્ઞાન નાં આ -કારે જન્મેલા બાળકને મેડીકલ ભાષામાં એફ્લેનીયા અડધુ અંગ ન હોવું કહેવાય છે. આવો કિસ્સો દસ લાખ બાળકોએ એક જોવા મળે છે. જેની પાછળ રંગસૂત્રોની ખામી કે ગર્ભાવસ્થા દરમિયાન દવાઓની આડઅસર કારણભૂત બની શકે છે. રંગસૂત્રોનો અભ્યાસ કર્યા બાદ તેની જાતિ નક્કી થઈ શકે છે. જોકે, આવા બાળકો મોટેભાગે લાંબો સમય જીવીત રહેતા નથી.


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# વડાગામની એમ. કે. સ્ટોનને તાળા મારી દેવાનો કલેકટરના હુકમથી બોગસ જમીનો પચાવનારમાં ફફડાટ

મોડાસા, તા.૧૨

વડાગામમાં બોગસ દસ્તાવેજોના આધારે નકલી જમીન માલીકોએ જમીન બારોબાર વેચી દેતા પ્લાન્ટ કે કવોરી બંધ કરાવી દઈ રીપોર્ટ કરવા આદેશ કરવામાં આવ્યો છે. જેના પગલે નાણાના જોરે રાતોરાત બોગસ રીતે જમીન ખરીદી નકલી માલીકો એ બે સાક્ષીઓને પણ સાચા હોવાની સાક્ષી આપી હતી. મુળ ખાતેદારો તો જાણતા જ નથી અને તેમની જમીન બારોબાર વેચાણ થઈ જતા આખુયે કૌભાંડ પ્રકાશમાં આવ્યુ હતુ. આ અંગે ધનસુરા પોલીસ મથકે ગુનો નોધાતા તપાસ એલ.સી.બી.ને સોપાતા એલ.સી.બી. પી.આઈ. પી. કે. પટેલે ઝડપથી તપાસ આરંભી દીધી છે બીજી બાજુ જમીન ની વેચાણ નોંધ રદ કરવા માટે પણ મહેસુલ વિભાગે સબ રજીસ્ટ્રાર સર્કલ ઓફીસર સહિત ના જમીનના નુળ માલીકો બોગસ માલીકો અને સાક્ષીઓને નોટીસ ફટકારી છે.આઅંગે અરવલ્લી જિલ્લા કલેકટરે તાળા મારવાનો હુકમ કરતાં ફફળાટ વ્યાપી ગયો છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

તપાસનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. એક તરફ પોલીસ ફરીયાદ થતાં પોલીસ ધ્વારા ઝીણવટભરી તપાસ આદરવામાં આવી છે અને આ કેસ જિલ્લા એલ.સી.બી.ને સોપાતા જિલલામાં બોગસ ખાતેદારો બની બેટેલા અને બોગસ ખેડુતો બની બેઠેલામાં ફફડાટ વ્યાપી ગયો છે. ત્યારે ગઈકાલે જિલ્લા કલેકટરે આ જમીન પર ચાલતા પ્લાનટ કે કવોરીને તાત્કાલીક અસરથી બંધ કરી દેવા તાકીદ કરી છે. જયારે કલેકટરે ધનસુરા મામલતદાર ને લઈ પ્લાન્ટ શરૂ કરનાર માલીકો માં ફફડાટ વ્યાપી ગયો છે.

વડાગામ ની સીમમાં આવેલ સર્વે નંબર ૧૩૬ પૈકી ૨ ના પાંચ મુળ જમીન માલીકોની જાણ બહાર સ્થાનીક શખ્સોએ બનાવટી માલીકો બની જઈ એમ. કે. સ્ટોનના માલિકોને દસ્તાવેજ કરી આપ્યો હતો હળાહળ ખોટુ કરી કરોડો રૂપીયાની જમીનોના રાતોરાત સોદો કરી દઈ સરકારી દસ્તાવેજો પણ નકલી બનાવી સાચા તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો નવાઈની વાત તો એ છે કે જમીનના


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

રવિ કૃષિ મહોત્સવની ઉજવણી -સંગે બનાસકાંઠા જિલ્લાના દાંતા મુકામે દાંતા અને અમીરગઢ તાલુકાનો સંયુક્ત કૃષિ મહોત્સવ ર્જા અને પેટ્રોકેમિકલ્સ તથા વિજ્ઞાન અને ૈધોગિકી વિભાગના રાજય મંત્રીશ્રી ગોવિંદભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં ખેતીવાડી ખાતાની વિવિધ યોજનાઓના ૪૬૬ લાભાર્થી ખેડુતોને રૂ.૧.૫૭ કરોડની સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. આ -સંગે મંત્રીશ્રીએ -ાસંગિક -વચન કરતાં જણાવ્યું હતું કે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને અત્યારે આપણા દેશના વડા-ધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ેરણા અને માર્ગદર્શનથી શરૂ થયેલ કૃષિ મહોત્સવને જવલંત સફળતા મળી છે. તેમણે કહ્યુ કે કૃષિ મહોત્સવ અભિયાનને લીધે વિશેષ કરીને રાજયના ગ્રામ્ય વિસ્તારોમાં વિરાટ પાયે સુખદ પરિવર્તન આવ્યુ છે. તેમણે કહ્યું કે -જાને સુખ સુવિધા મળે તે માટે તમામ સહાય કરવા સરકાર તમારી પડખે ઉભી છે. તેમણે જણાવ્યુ કે કૃષિ મહોત્સવ અભિયાનમાંથી માહિતી અને માર્ગદર્શન મેળવી સફળ ખેડુતો જમીનની ચકાસણી કરાવતા થયા છે અને આધુનિક ખેતી તરફ વળ્યા છે. તેમણે કહ્યુ કે -ગતિશીલ ખેડુતોના જીવનમાંથી ેરણા લઈ વૈજ્ઞાનિક પધ્ધતિથી ખેતી કરીએ. તેમણે ઉમેર્યુ કે આયોજન, આધુનિક ખેત પધ્ધતિઓ અને બજાર વ્યવસ્થાને ધ્યાનમાં રાખી ખેતી કરીએ તો બહુ સારી આવક મેળવી શકાય છે. મંત્રીશ્રી પટેલે જણાવ્યુ હતુ કે ચાલુ વર્ષને રાજય સરકાર ધ્વારા કૃષિ વિકાસ વર્ષ તરીકે ઉજવવામાં આવી રહ્યુ છે. મંત્રીશ્રીએ -ગતિશીલ ખેડૂતોને પોતાના અનુભવો વિશાળ સંખ્યામાં ખેડૂતો સુધી પહોંચાડવા અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યુ કે ઓછી જમીનમાં પશુપાલનનો વ્યવસાય પોષણક્ષમ બની શકે છે.

# આજથી સાબરકાંઠા જિલ્લામાં રવિ કૃષિ મહોત્સવનો પ્રારંભ

હિંમતનગરના માર્કેટ યાર્ડ ખાતે ઉર્જા મંત્રી ગોવિંદભાઈ પટેલની ઉપસથિતમાં કૃષિ મહોત્સવ યોજાશે

રાજયના ખેડૂતોને રવિ સીઝનમાં રવિ પાકો વિશે આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન મળી રહે તેવા ઉમદા આશયથી ડિસેમ્બર, ૨૦૧૪માં સમગ્ર રાજયમાં રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં બે તબક્કામાં કૃષિ મહોત્સવ યોજાનાર છે. જેમાં પ્રથમ તબક્કોનો કૃષિ મહોત્સવનો પ્રારંભ આજે તા. ૧૩/૧૨/૨૦૧૪ શનિવારના રોજ હિંમતનગરના માર્કેટ યાર્ડ ખાતેથી રાજય ઉર્જા મંત્રી ગોવિંદભાઈ પટેલની ઉપસથિતમાં થશે. જેમાં કૃષિ, બાગાયત અને પશુપાલન વિષયક સેમિનાર, સ્થાનિક પ્રગતિશીલ ખેડૂતોના વિષયોક્ત અનુભવોનું આદાન-પ્રદાન, કિસાન ગોષ્ઠી, પદાધિકારીઓનું પ્રવચન અને ખેડૂતોને ચેક-વર્ક ઓર્ડરનું વિતરણ મંત્રીના હસ્તે કરવામાં આવશે. આ ઉપરાંત રવિ કૃષિ મહોત્સવ દરમ્યાન સહકાર વિભાગ અને બેન્કો દ્વારા જે ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ મળ્યા બાદ લોન મંજુર થયેલ હોય તેવા ખેડૂતોને લોન મંજુરીના હુકમો અને ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ મારફતે ચેકડેમ, સિમતલાવડી, ખેત તલવાડી અને તળાવો ઉંડા કરવા જેવા કામોનાં પૂર્વ મંજુરી પત્રનું વિતરણ કરવામાં આવશે. તેમજ કૃષિ, બાગાયત અને પશુપાલન ખાતાની વિવિધ યોજનાનો ખેડૂતોને સહાય ચેક/ મંજુરીના પત્રોનું વિતરણ પણ કરાશે.

## પ્રાંતિજના સામૂહિક આરોગ્ય કેન્દ્રનુ લોકાર્પણ કરાશે

સાબરકાંઠા જિલ્લાની પ્રજાનું આરોગ્ય સુવિધા સુખાકારી બની રહે તે માટે રાજય આરોગ્ય વિભાગ ધ્વારા જિલ્લાના પ્રાંતિજ ખાતે નવર્નિમિત સામૂહિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવશે.

# જિલ્લા કક્ષાનો પ્રજાસત્તાક પર્વ પોશીના ખાતે યોજાશે

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાનો જિલ્લાકક્ષાનો -જાસત્તાક પર્વ ૨૬મી જાન્યુઆરી ૨૦૧૫ નવરચિત પોશીના ખાતે યોજાશે.

પોશીનાના સ્વામીનારાયણ સંકુલ ખાતે યોજાનાર -જાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે આજે શુક્રવારના રોજ કલેકટર બંછાનિધિ પાનીની અધ્યક્ષતામાં સંબધિત વિભાગના અમલીકરણ અધિકારીઓની પૂર્વ આયોજન અંગેની બેઠક યોજાઈ હતી.

કલેકટરએ જિલ્લાકક્ષાની ઉજવણી ખરા અર્થમાં સાર્થક બને તે માટે પર્વની એક સપ્તાહ અગાઉ નવરચિત તાલુકામાં વિકાસલક્ષી કામોના લોકાર્પણ તથા ખાતમુહૂર્તના કામોને વધુ અગત્યતા આપવા કૃષિ, શિક્ષણ, આરોગ્ય અને રમત દિનની ઉજવણીનું આયોજન કરવા સંબધિત અધિકારીઓને જણાવ્યું હતું. જેમાં ગ્રામ્યકક્ષાની તિરદાંજી, કબડ્ડી,ખો-ખો અને રસ્સાખેચ સહિની રમતોને -ેત્સાહન આપવા જણાવ્યું હતુ. આ ઉપરાંત બેઠકમાં અધિકારીઓને સૂચન કર્યુ હતું. જિલ્લા અધિક કલેકટર ધાનાણી, -ાયોજના વહિવટદાર વસાવા, -ાંત અધિકારી પી.એસ.-જાપતિ, મામલતદાર એચ.આર.મોદી સહિત જિલ્લાના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

# ઈડરના માર્કેટ યાર્ડ ખાતે મંત્રી રમણલાલ વોરાની ઉપસ્થતિમાં રવિ કૃષિ મહોત્સવ યોજાશે

સાબરકાંઠા જિલ્લામાં બે તબક્કામાં કૃષિ મહોત્સવ યોજાનાર છે. જેમાં -થમ તબક્કોનો કૃષિ મહોત્સવનો ભાગરૂપે રવિવારના તા. ૧૪/૧૨/૨૦૧૪ ના રોજ ઈડરના માર્કેટ યાર્ડ ખાતે સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વારોની ઉપસથિતિમાં કૃષિ મહોત્સવ યોજાશે.

જેમાં ઈડર તથા વડાલી તાલુકાના ખેડુત લાભાર્થીઓ કૃષિ વૈજ્ઞાનિક મારફતે કૃષિની આધુનિક ખેત પધ્ધતિ તથા માર્ગદર્શન આપવામાં આવશે. જેમાં ખેત તથા પશુપાલનને લગતી વિવિધ યોજનાકીય સહાયના ચેક મંત્રી તથા અન્ય મહાનુભવોના હસ્તે કરવામાં આવશે. એમ જિલ્લા ખેતીવાડી અધિકારી વી.એમ.બથારે જણાવ્યું છે

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦